વસંતોત્સવની ઓળખ આનંદ-ઉત્સવ બની ગયા છે : રૂપાણી

ગાંધીનગરનાં સંસ્કૃતિકુંજ ખાતે મુખ્યમંત્રીના હસ્તે વસંતોત્સવાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૬

આપણે આપત્તિના સમયે ડરી જવાની જરૂર નથી. પરંતુ

આપત્તિને અવસરમાં પલટાવી નાખવાની છે, તેવું આજરોજ ગાંધીનગરના આંગણે આયોજિત ૨૫મા વસંતોત્સવને દીપ પ્રાગટય કરીને પ્રારંભ કરાવતા રાજયના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું

રાજયના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, કોરોના કાળમાં પણ મર્યાદિત લોકો વચ્ચે પરંપરા મુજબ વસંતોત્સવના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતમાં વડનગરનો તાના રીરી મહોત્સવ અને મોઢેરાનો ઉત્તરાર્ધ મહોત્સવ તથા વસંતોત્સવ તત્કાલીન મુખ્ય મંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સમયથી લોકપ્રિય બન્યો છે.

તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાત અને ભારતની સંસ્કૃતિની આલ બેલ પોકારતા વસંતોત્સવનો પ્રારંભ સંગીત, નૃત્ય અને વાદિય ની પસ્તુતિ થકી ઉજવણી કરવામાં આવે છે. વસંતોત્સવ એટલે માંગલિક કાર્ય, ઉત્સવ, શીતલ હવા, ખીલતા પુષ્પો, કેરીનું આગમન, ફાગણના મોજીલા ગીતો છે. વસંતોત્સવની ઓળખ આનંદ – ઉત્સવ બની ગયા છે. વસંતના વધામણા કરવા વિધા અને સંગીતની દેવી મા સરસ્વતીની ઉપાસના આપણે સૌ કરી છીએ.

મુખ્ય મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, રમતગમત, યુવા સાંસ્કૃતિ પ્રવૃત્તિ અને સંગીત અકાદમી માટે સરકાર દ્વારા ચાલુ વર્ષના બજેટમાં પણ ૫૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. ગુજરાત ખેલ મહાકુંભ થકી અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અને એવોર્ડ મેળવ્યા છે. તેમ ગુજરાતના કલા મહાકુંભ થકી કલાકારોને પ્રોત્સાહન આપવાનું કાર્ય પણ કરવામાં આવે છે.

આ પ્રસંગે યુવક સેવા અને

સાંસ્કૃતિક પ્રવૃત્તિના વિભાગના મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી જણાવ્યું હતું કે, ગુજરાત સાંસ્કૃતિ વારસાની ઓળખ આગવી છે. ગરબા, ભવાઇ, લોક મેળાઓ અને લોકનૃત્યએ ગુજરાતની ઓળખ છે. ગુજરાતના આ સાંસ્કૃતિક વારસાની વિશ્વ ફલક પર ઓળખ ઉભી કરવા માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. ભારતના સાંસ્કૃતિક વરસાનો પર્યાય એવા વસંતોત્સવમાં ઉપસ્થિત સર્વે કલાકારોનું પણ તેમણે હદયના ઉમળકાથી સ્વાગત કર્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં જાણીતા નૃત્યાંગના શ્રીમતી ઐશ્વર્યા વોરીયર અને તેમના ગ્રૂપ દ્વારા ભરતનાટ્યમ શૈલીમાં સરસ્વતી વંદના પ્રસ્તુત કરવામાં આવી હતી. ત્યારબાદ પટીયાલા ઘરાનાનાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ખ્યાતનામ ગાયિકા શ્રીમતી કૌશિકી ચક્રવર્તી દ્વારા શાસ્ત્રીય સંગીત અને કાર્યક્રમનાં અંતિમ ચરણમાં રાજકોટનાં સંગીત તજજ્ઞ શ્રીમતી પીયુબેન સરખેલ દ્વારા શાસ્ત્રીય સંગીત રજુ કરવામાં આવ્યું હતુ. જેને વિવિધ જિલ્લાઓમાંથી ઉપસ્થિત એકસો (૧૦૦) થી વધુ શાસ્ત્રીય સંગીતના સન્નમાનીય કલાકારોએ માણ્યું હતુ.

કોરોનામાં ચૂંટણી પ્રચાર માટે રેલીઓ સરઘસો ના નડ્યાં પણ વસંતોત્સવ નડ્યો..!!

ગાંધીનગર તા.૦૬

સંસ્કૃતિ કુંજ ખાતે યોજાતા ગાંધીનગરની ઓળખ સમા વસંતોત્સવમાં સૌપ્રથમવાર ગાંધીનગરના નાગરિકોને જ પ્રવેશ મળ્યો નથી. કોરોના મહામારીમાં પણ ચૂંટણી પ્રચાર માટે અનેક ઉત્સવો, મેળા, રેલીઓ અને સરઘસો યોજનાર ભાજપના સત્તાધીશો દ્વારા ગાંધીનગરની જનતાને તેમના પ્રિય વસંતોત્સવથી વંચિત રાખવામાં આવી છે.

આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા વસંતોત્સવનું છાને છપને ઉદ્ઘાટન કરવામાં આવ્યું અને કોરોના મહામારી ગાઈડલાઈનને આગળ ધરીને જનતાને આ ઉત્સવથી દૂર રાખવામાં આવી છે. મહાનગરપાલિકાઓ અને પંચાયતોની ચૂંટણીઓમાં રેલીઓ તથા ચુંટણી સભાઓ યોજવામાં જેમને કોરોના નડ્યો નથી તે ભાજપી સત્તાધીશોને વસંતોત્સવમાં કોરોના યાદ આવી ગયો. નવરાત્રીની ઉજવણી પણ કોરોનાને કારણે હસતા મોઢે જતી કરનાર ગાંધીનગર માટે વસંતોત્સવ એકમાત્ર ઉત્સવ છે જેમાં નાગરિકો થોડા હળવા થઈ શકતા હતા. જો સત્તાધીશોએ ધાર્યું હોત તો સોશ્યલ ડિસ્ટન્સ તેમજ મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપીને પણ વસંતોત્સવનું આયોજન કરી શક્યા હોત. વળી વસંતોત્સવનું સ્વરૂપ પણ તેની ઓળખ ખંડિત થાય તે રીતે બદલી નાખવામાં આવ્યું છે. દરેક ઉત્સવની એક ઓળખ હોય છે જેમકે ઉત્તરાર્ધ મહોત્સવમાં ક્લાસિકલ નૃત્ય અને તાનારીરી મહોત્સવમાં ક્લાસીકલ સંગીત હોય છે તેમ વસંતોત્સવમાં દેશના વિભિન્ન પ્રદેશોના પ્રાદેશિક નૃત્યો જ તેની ઓળખ છે, પરંતુ પોતાની સહુલિયત પ્રમાણે નિયમોનું અર્થઘટન અને ઉપયોગ કરતા સત્તાધીશો તથા અધિકારીઓ દ્વારા વસંતોત્સવના સ્વરૂપને પણ બદલી નાખવામાં આવ્યું છે જેના કારણે ગાંધીનગરના નાગરિકોમાં ખેદયુક્ત આશ્ચર્ય પ્રસરવા પામ્યું છે.

ખૂણેખાંચરેથી

- જાણીતા એડવોકેટ અને નોટરી મહેન્દ્રસિંહ ચાવડાને આજે અકસ્માત નડ્યો છે.
- દહેગામના તાલુકા આરોગ્ય અધિકારી કોરોનાથી સંક્રમિત થયા છે.
- દહેગામના ન.પા.ના પરિણામો પછી કોંગ્રેસે શિસ્તનો દંડો પછાડતાં બે આગેવાનોને સસ્પેન્ડ કર્યા છે.
- રાજ્યના મુખ્યમંત્રી રૂપાણી રવિવારે મા જગદંબાને શિશ ઝુકાવવા અંબાજી જવાના છે.
- શહેર અને જિલ્લામાં આજે રિકવરી બાદ ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા સમાન છે.
- ગાંધીનગર મનપાની મતદારયાદી દરેક વોર્ડમાં ઉપલબ્ધ કરાવાઈ છે. મતદાર યાદીની નકલ મનપાએ નિયત કરેલા દરોએ મનપાની મુખ્ય કચેરીએથી ઉપલબ્ધ થશે.

દેશી પિસ્તલ-એક કારતુસ સાથે શખ્સને એસઓજી પોલીસે પકડી પાડ્યો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના કલોલ-પીયજ માર્ગ પરથી એસઓજી પોલીસે એક દેશી પિસ્તોલ અને એક જીવતા કારતુસ સાથે એક શખ્સને પકડી પાડ્યો છે. પોલીસે આર્મસ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર એસઓજી પી.આઈ. ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ આર.બી.પરમાર અને સભ્યો કલોલ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે સમયે એએસઆઈ રાજેન્દ્રપ્રસાદને બાતમી મળી હતી કે બલદેવસીંગ ઉર્ફે વિજય સરદાર હરનેકસિંગ ખોસલા (રહે.અભુજીનું પરૂ શપથ -૨ ની બાજુમાં કલોલ પીયજ માર્ગ ને પકડી પાડી તેની અંગજડતી કરતા દેશી બનાવટની એક પિસ્તલ અને કારતુસ મળી આવ્યા હતા. એસઓજી પોલીસે કલોલ ખાતે ગુનો નોંધાવી આગળની તપાસ હાથ ધરી છે.

હરિની દષ્ટિ...

- હરિન ભટ્ટ

ના સાહેબ, હું દેશની સમસ્યાની વાત નથી કરતો... મને પેટમાં ગેસ થાય છે એમ કહું છું...!!

રાયસણની સીમમાંથી પકડાયેલ દારૂના આરોપીના ઘરેથી હથિયાર મળ્યા

ગાંધીનગર, તા. ૬

રાયસણ ગામની સીમમાં શુક્રવારના રોજ એલસીબી પોલીસે મોટીમાત્રામાં વિદેશી દારુનો જથ્થો ઝડપી પાડ્યો હતો. દારૂના કેસમાં પોલીસે પકડી પાડેલા આરોપીની પુછતાજ કરી હતી. ત્યારબાદ તેના વાવોલના નિવાસ સ્થાન ખાતે તપાસ કરતા બે પિસ્ટલ અને કારતુસ નંગ-૭, સ્ટીલના છરા, તેમજ એક લોખંડની નાની કુહાડી મળી કુલ રૂ.૨૧,૨૫૦ ના ગેરકાયદેસર હથીયાર મળી આવ્યા હતા. તે ઉપરાંત ઘરમાં સંતાડીને રાખેલી રૂ.૯,૬૦૦ ની કિંમતની ૧૬ નંગ બોટલ મળી આવી હતી. બનાવ અંગે એલસીબી પોલીસે બે અલગ અલગ ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગત તા.૫ ના રોજ રાયસણ ગામની સીમમાંથી એલસીબી પોલીસેરૂ.૪,૪૯,૩૦૮ ની કિંમતની વિદેશી દારુની ૧૦૧૬ બોટલ પકડી પાડી હતી. ત્યારબાદ અન્ય ચીજવસ્તુઓ મળી કુલ રૂ.૧૪,૮૮,૩૦૮ નો મુદ્દામાલ જપ્ત કરી ૬ આરોપીને પકડી પાડ્યા હતા. ત્યારે આ કેસમાં વધુ તપાસ એલસીબી પીઆઈ એચ.પી. ઝાલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.કે.રાઠોડ તપાસ કરતા આ ગુનામાં પકડાયેલા આરોપી જોરૂભાઈ બિજલભાઈ મકવાણા (રહે. જે.૧૧. કિર્તિધામ સોસાયટી વાવોલ) ની પુછતાછ દરમિયાન દારુનો જથ્થો વાવોલ પોતાના ઘરે સંતાડી રાખ્યો હોવાનું જણાવતા ટીમના જવાનોએ જોરૂભાઈ મકવાણાની ઘરની તપાસ કરતા મકાનમાંથી બે મશીન કટ પીસ્ટલ તેમજ કારતુસ નંગ-૭ , બે સ્ટીલના છરા, લોખંડની કુહાડી મળી કુલ રૂ.૨૧,૨૫૦ ના હથીયાર પણ મળી આવ્યા હતા. તે ઉપરાંત ૧૬ બોટલ વિદેશી દારુની પણ મળી આવી હતી.પ્લાસ્ટીકના કોઈન, ગંજીપાના-૩ બોકસ, મળી આવ્યા હતા.આ દારૂનો જથ્થો રાયસણ પ્રોહી કેસમાં પકડાયેલા આરોપી ગુણવંતલાલ લાભશંકર મહેતા ઉર્ફે વકીલ (રહે.૨૯ બી લબ્ધી સોસાયટી દહેગામ) અને રાકેશ ચંદ્રકાંત અમીન (રહે. ૩૯ શ્રીજીકુંજ બંગ્લોઝ દહેગામ) ને દારૂનો આપ્યો હતો અને વેચાણ માટે રાખ્યો હતો. જોરૂભાઈ મકવાણાના નિવાસ સ્થાનેથી મળી આવેલા ગેરકાયદેસર હથીયાર અંગે સે-૭ પોલીસ મથકે અને દારુના જથ્થા અંગે ગુણવંતલાલ મહેતા ઉર્ફે વકીલ અને રાકેશ અમીન સામે સેકટર-૭ પોલીસમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

સીબીએસઈની ધોરણ ૧૦ ૧૨ની પરીક્ષાની સુધારેલી નવી તારીખો જાહેર કરાઈ

ગણિતની પરીક્ષા જે પહેલા ૨૧મી મે ના બદલે હવે બીજી જુને થશે : ફિઝિક્સની પરીક્ષા પહેલા ૧૩મી મે ના થવાની હતી તે હવે આઠમી જુને લેવાશે

ગાંધીનગર, તા. ૬

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (સીબીએસઈ) દ્વારા ધો. ૧૦ અને ધો. ૧૨ માટે ગણિત, કોમર્શ અને ફિઝિક્સ સહિતના અમુક વિષયોની પરીક્ષાની સુધારેલ તારીખ જાહેર કરવામાં આવી હતી. ધો. ૧૦ ની વિજ્ઞાનની પરીક્ષા ૨૧ મે ના થવાની હતી. ગણિતની પરીક્ષા જે પહેલા ૨૧ મી મે મા થવાની હતી તે હવે બીજી જુને થશે.

ધો. ૧૨ (સાયન્સ સ્ટ્રીમ)ની ફિઝિક્સની પરીક્ષા પહેલા ૧૩ મી મે મા થવાની હતી તે હવે આઠમી જુને લેવાશે એમ સીબીએસઈ દ્વારા જણાવાયુ હતુ. ૧૨ માં ધોરણ (કોમર્સ અને સાયન્સ સ્ટ્રીમ)ની મેથેમેટીકસ અને અપ્લાઈડ મેથેમેટીક્સની પરીક્ષા પહેલા પહેલી જુને યોજાવાની હતી તેની સુધારેલી તારીખ ૩૧મી મે કરવામાં આવી છે. આર્ટસ સ્ટ્રીમની ભુગોળની પરીક્ષા બીજી જુને યોજાવાની હતી તે હવે ત્રીજી જુને યોજાશે એમ સીબીએસઈ દ્વારા જણાવાયુ હતુ.

ધોરણ-૧૦ અને ૧૨ ની પરીક્ષાઓ ચોથી મે થી શરૂ થશે અને ૧૦મી જુને પુરી થશે.

ખાત્રજ ચોકડી પાસેથી બે બાઈક ચોરને એલસીબી-૧એ ઝડપી પાડ્યા

ગાંધીનગર,તા.૬

સાંતેજ પોલીસ મથક વિસ્તારમાંથી આજથી પાંચ માસ અગાઉ ચોરી થયેલા બાઈક સાથે બે શખ્સોને ખાત્રજ ચોકડી પાસેથી ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૨૦ હજારની કિંમતનું ચોરી કરેલ બાઈક પણ કબ્જે કરી વાહનચોરીનો ગુનો ઉકેલી દીધો છે.

ગાંધીનગર જિલ્લામાં વાહન ચોરીના ગુના બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા માટે ગાંધીનગર રેન્જ આઈજીપી અભય ચુડાસમા અને ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા એ જરુરી સુચના અને માર્ગદર્શન આપ્યું હતું. જે અંતર્ગત એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાની સુચના મુજબ પીએસઆઈ ડી.એસ.રાઓલ અને તેમની ટીમના સભ્યો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન એએસઆઈ હજારીસિંહ તેમજ ભવાનસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે ખાત્રજ ચોકડી પાસે ગંગોત્રી હોટલ સામે માર્ગ પર બે શખ્સો નંબર વિનાના કાળાકલરના હિરો સ્પ્લેન્ડર બાઈક સાથે ઉભા છે.જેથી એલસીબી ટીમે તાત્કાલીક બાતમીવાળી જગ્યાએથી શૈલેશકુમાર રમેશભાઈ પરમાર, (રહે. ઉચરપી ગામ તા.કાંકરેજ જી બનાસકાંઠા), વિષ્ણુભાઈ દિનેશભાઈ ડાભાણી (રહે. હાલ રૈયા ગામ તા.કાંકરેજ)ને બાઈક સાથે પકડી પાડ્યા હતા. પોલીસે બાઈક અંગે આધાર પુરાવા માંગતા અને તેમની હાજરી અંગે પુછતાછ કરતા યોગ્ય જવાબ આપી શક્યા ન હતા. આરોપીઓ પાંચ થી છ માસ અગાઉ જાસપુર ગામે પાસે આવેલ અદાણીમાં ડ્રાય વેસ્ટ કચરો ડોર ટુ ડોર લેવાનું કામ કરતા હતા. તે સમયે ગાંધીનગર પાસે આવેલા તારાપુર ગામના પાટીયા પાસે આવેલ પ્રેમભાઈની નર્સરી ખાતે રહેતા હતા. તે સમયે તેમને હરવા ફરવા માટે એક બાઈકની જરુરીયાત હોવાથી વાસી ઉતરાયણના બીજા દિવસે જાસપુર ગામ નજીક થી એક પાર્ટી પ્લોટ આગળ આવેલા ખેતર બહાર માર્ગની સાઈડમાં બાઈક ખુલ્લી હાલતમાં પડ્યું હતું. તે બાઈકની ચોરી કરી લઈ ગયા હોવાનું કબુલાત કરી હતી.પોલીસે એન્જીન નંબર અને ચેસીસ નંબર ચેક કરીને જોતા બાઈકનો નંબર જી.જે.૦૧. એમ. એકસ.૧૫૮૦ હોવાનું જણાયું હતું.પોલીસે રૂ૨૦ હજારની બાઈક કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કામધેનુ યુનિવર્સિટીનો સાતમો પદવીદાન સભારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૬

નેશનલ ફોરેન્સીસ સાયન્સ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે કામધેનુ યુનિવર્સિટીનો ૭મો પદવીદાન સમારંભ આગામી તા. ૧૦મી માર્ચના રોજ યોજાશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષે યોજાનાર તથા અતિથિ વિશેષ તરીકે પશુપાલન, પાણી પુરવઠા તેમજ ગ્રામ્ય ગૃહ નિર્માણના મંત્રી કુંવરજી બાવળિયા અને કેન્દ્રીય પશુપાલન કમિશનર ડૉ. પ્રવિણ મલિક ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને માર્ગદર્શને તેમજ દિક્ષાંત પ્રવચન આપશે.

આ પદવીદાન સમારંભના કામધેનુ યુનિવર્સિટીના સ્નાતકના ૭૫ વિદ્યાર્થીઓ, અનુસ્નાતકના ૭ વિદ્યાર્થીઓ અને પી.એચ.ડી.ના ૧ વિદ્યાર્થીને પદવી એનાયત કરાશે જે અંતર્ગત સ્નાતક કક્ષાના ૪ વિદ્યાર્થીઓને ૭ મેડલો અને અનુસ્નાતકના ૧ વિદ્યાર્થીને ૧ મેડલ આપવામાં આવશે.

આજનો યુવાન સ્વાવલંબી બને અંગેનો વાર્તાલાપ યોજાયો

ગાંધીનગર, તા.૬

સાદરાના સરદાર ઉપાસના મંદિરમાં આજનો યુવાન સ્વાવલંબી બને અંગેનું માર્ગદર્શન આપતો વાર્તાલાપ ગાંધીવિચાર અને રચનાત્મક કાર્યોમાં રસ ધરાવતા નવયુવાન ધ્રુવ ગઢવીએ કર્યો. દૂધમાંથી ચીઝ બનાવી કરાતા વ્યવસાયથી આજનો યુવાન કેવી રીતે સ્વાવલંબી બની શકે તેના ઉદાહરણ સહ રસપ્રદ વાતો કરી યુવાનોને પ્રોત્સાહિત કર્યા. મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના સંયોજક શ્રી રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું સંચાલન ડૉ. ગેલજીભાઈ ભાટિયાએ કર્યું અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના કાર્યક્રમ અધિકારી ડૉ. મોતી દેવું એ વકતાનો પરિચય અને આભાર દર્શન કર્યું હતું.

પશ્ચિમ રેલ્વે

દ્વારા વધારાની અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન સાબરમતી - જોધપુર વચ્ચે દોડાવવાનું શરૂ કર્યું

ટ્રેન નં.	પ્રારંભનું સ્ટેશન અને ગંતવ્ય	શરૂઆતની તારીખ	સેવાનો દિવસ	ઉપડશે	પહોંચશે
૦૪૮૨૨	સાબરમતી - જોધપુર (અનરીઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન)	w.e.f. ૦૬.૦૩.૨૦૨૧ આગળની સુચના સુધી	દરરોજ	૦૭.૦૦ કલાકે	૧૯.૧૦ કલાકે (એજ દિવસે)
૦૪૮૨૧	જોધપુર - સાબરમતી (અનરીઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન)	w.e.f. ૦૫.૦૩.૨૦૨૧ આગળની સુચના સુધી	દરરોજ	૦૯.૪૦ કલાકે	૨૦.૪૫ કલાકે (એજ દિવસે)

રોકાણના સ્ટેશનો : ખોડીયાર, કલોલ, ઝુલાસણ, ડાંગરવા, આંબલિયાસન, મેહસાણા જં, ઉંઝા, સિદ્ધપુર, છાપી, ઉમરદાશી, પાલનપુર જં, કરજોડા, ચિત્રાસણી, જેથી, ઈકબાલગઢ, સરોતરા રોડ, શ્રી અમિરગઢ, માવલ, આબુરોડ, મોરથલા, કિવરલી ભીમાના, સ્વરૂપગંજ, બનાસ, પિંડવાડા, કેશવગંજ, નાના, કોઠાર, મોરીબેડા, જવાઈ બાંધ, બિરોલિયા, ફાલના, ખીમેલ, રાની, જવાલી, સોમેસર, ભીનવાલિયા, બંતા રઘુનાથગઢ, ઔવા, મારવાડ જંકશન, રાજકિયાવાસ, બોમાદ્રા, પાલી મારવાડ, કેરલા, રોહત, લુણી જંકશન, હનવંત, સાલાવાસ, બાસની અને ભગતની કોઠી સ્ટેશનો પર બંને તરફથી રોકાશે.

સંયોજન : જનરલ સેકન્ડ ક્લાસ કોચીસ

ટ્રેન સંબંધિત વિગતવાર સમય અને સ્ટોપેજ માટે કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લો

મુસાફરોને બોર્ડિંગ અને મુસાફરી દરમિયાન કોવિડ-૧૯થી સંબંધિત તમામ નિયમો અનેSOPsનું પાલન કરવાની સલાહ આપવામાં આવે છે.

આ ટ્રેન વધારાની અનરિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેન તરીકે દોડશે અને મેઇલ / એક્સપ્રેસ ભાડુ ચાર્જ થશે

પશ્ચિમ રેલ્વે
www.wr.indianrailways.gov.in
અમને પસંદ કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: twitter.com/WesternRly

ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લી.

ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧, પ્રથમ માળ, સેક્ટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦
મોબાઈલ : ૯૯૭૮૪૪૧૧૪૭, ફેક્સ :- (૦૭૯) ૨૩૨-૨૨૩૯૬
E-mail : www.gwllcompany1@gmail.com

જાહેર નિવિદા નં - ૪/૨૦૨૧ ટેન્ડર આઇ.ડી. - ૪૫૦૪૭૯

ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી., ગાંધીનગર તથા તેના કાર્યક્ષેત્ર હેઠળની કચેરીઓ માટે એક્સ મીલીટ્રી/પારા મીલીટ્રીમેન (ગનમેન)ની સેવાની જરૂરિયાત છે.

ટેન્ડરમાં ભાગ લેવા માટે રસ ધરાવતી એજન્સીઓએ વિગતવાર ટેન્ડર/નોટીસ https://qwil.nprocure.com- વેબસાઈટ ઉપરથી વિના મુલ્યે ડાઉનલોડ કરી શકશે.

- ટેન્ડર બીડ ડાઉનલોડ શરૂ કરવાની તા. ૦૬/૦૩/૨૦૨૧
- ટેન્ડર બીડ ડાઉનલોડ કરવાની છેલ્લી તા. ૨૨/૦૩/૨૦૨૧ સાંજે ૧૮.૦૦ કલાક સુધી
- ટેન્ડર ફી, ઈએમડી (એફડીઆર/ડીડી) ડોક્યુમેન્ટ વિગેરે ફીઝીકલ ફોર્મ પહોંચાડવાની છેલ્લી તારીખ અને સમય :- તા. ૨૩/૦૩/૨૦૨૧ સાંજે :- ૧૬.૦૦ કલાક સુધી.
- ટેકનિકલ બીડ ખોલવાની તારીખ અને સમય :- તા. ૨૩/૦૩/૨૦૨૧ સાંજે :- ૧૭.૦૦ કલાક સુધી.
- ટેન્ડર ફી રૂ. ૬૦૦૦/- (અંકે રૂપિયા છ હજાર પુરા) ડી.ડી. સ્વરૂપે તથા ઈએમડી રૂ. ૨,૬૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ સાઈઠ હજાર પુરા) ડી.ડી. અથવા એફડીઆર "ચીફ જનરલ મેનેજર(પ્રો). ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ, ગાંધીનગર"ના નામે આપવા તથા તેની સ્કેન કોપી કરીને "ઓનલાઈન" ટેન્ડરમાં મુકવી.

માહિતી/૨૦૮૧/૨૦-૨૧

જાહેર નિવિદા

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના વિભાગના ઉપયોગ સારૂ કરાર થયા તારીખથી એક વર્ષ દરમિયાન વિભાગની તાત્કાલિક અને અગત્યની ઝેરોક્ષ તથા જરૂરીયાત મુજબ સ્પાયરલની કામગીરી કરવાની સેવાઓ માટે રસ ધરાવતી સંસ્થાઓ / જાહેર પેઢીઓ પાસેથી ઝેરોક્ષ સ્પાયરલની સેવાઓ માટે સીલબંધ કવરમાં ભાવો મંગાવવામાં આવે છે. આ કામગીરી અંગેની શરતો અને બોલીઓ / સુચનાઓ, ભાવપત્રકનો નમૂનો આ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિવસથી ફ-૧ શાખા, પમો માળ, બ્લોક નં.-૯, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર ખાતેથી કચેરી સમય દરમિયાન મળી રહેશે. આ શરતો અને સુચનાઓ મુજબના જે તે ભાવપત્રકો જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-૧૦માં (જાહેર રજા સિવાય) ઉપસચિવશ્રી (મહેકમ), નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, બ્લોક નં. ૯/૫મો માળ, સચિવાલય, ગાંધીનગરને મળી જાય તે રીતે બંધ કવરમાં મોકલી આપવાના રહેશે. ત્યારબાદ મળેલ ભાવો વિચારણામાં લેવામાં આવશે નહિ.

સહી/-
(એમ.ડી. ગાબાણી)
ઉપસચિવ
માહિતી/૨૦૬૭/૨૦-૨૧ ન.જ.સં.પા.પુ. અને ક. વિભાગ

ટચૂકડી જાહેર ખબર

CHANGE OF NAME
I have changed my name from CHAUHAN ALPABEN HASMUKHBHAI new name GUPTA KALPANA KARTIK

નામ બદલેલ છે
મારું નામ ચૌહાણ અલ્પાબેન હસમુખભાઈ હતું તે બદલીને ગુપ્તા કલ્પના કાર્તિક રાખેલ છે.
લિ.
ગુપ્તા કલ્પના કાર્તિક
પ્લોટ નં. ૪૯૫/એ/૧,
સેક્ટર-૬/બી, ગાંધીનગર

CHANGE OF NAME
I have changed my name from ILABEN ANIRUDDHASINH ATODARIYA new name ELABEN ANIRUDDHASINH ATODARIYA

નામ બદલેલ છે
મારું નામ ઈલાબેન અનિરૂદ્ધસિંહ અટોદરીયા હતું તે ઈલાબેન અનિરૂદ્ધસિંહ અટોદરીયા રાખેલ છે.
લિ.
ઈલાબેન અનિરૂદ્ધસિંહ અટોદરીયા
પ્લોટ નં. ૧૦૧૪/૧,
સેક્ટર-૪/એ, ગાંધીનગર